ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./EC.-Agenda (4) 2nd Aug '11 / ૨૧૮ થી ૨૩૦ તા. ૦૧/૦૮/'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** તારીખ ૨જી ઓગષ્ટ ૨૦૧૧નાં યોજાનાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગનાં એજન્ડા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુંકે, તારીખ ૨જી ઓગષ્ટ ૨૦૧૧ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે, માનનીય કુલપતિશ્રીના સૂચનથી દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ચોથી સભાનું આયોજન કરવામાં આવેલ છે.જેનાં એજન્ડા નીચે જણાવ્યાનુંસાર છે.

## એજન્ડા :

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

(નોંધ : ગત તારીખ ૧૩મી જુલાઈ ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે જેનું વાંચન અને બહાલી બાબત.)

**૨. યુનિવર્સિટી ખાતે કરાર આધારિત નિમણૂંક મેળવી ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફ તથા ફિક્સ વેતનથી ફરજ બજાવતા બિન શૈક્ષણિક સ્ટાફને હાલે ચૂકવાતા વેતન અન્વયે સૂચિત વધારો કરવા માટે નિયુક્ત કરાયેલ પગાર વધારા સમિતિના અહેવાલ બાબત :**

(નોંધ યુનિવર્સિટી ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો અન્વયે કરાર આધારિત પધ્ધતિથી નિમણૂંક મેળવી ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફ તથા યુનિવર્સિટીની વહીવટી કામગીરી સંબંધે ફિક્સ વેતન પર ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વેતનમાં સૂચિત વધારો કરવા થયેલ રજૂઆત સંદર્ભે, તારીખ ૧૩મી મે ૨૦૧૧ના રોજ મળેલ એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૦૪ : થી રચવામા આવેલ પગાર વધારા સમિતિએ હાથ ધરેલ કાર્યવાહી અન્વયે કરેલ ભલામણો અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત. )

**૩. યુનિવર્સિટી ખાતે કચ્છી ચેર સ્થાપિત કરવા સંદર્ભે ઓર્ડિનેન્સને અંતિમ રૂપ આપવા બાબત :**

(નોંધ : ગત તારીખ ૩૦મી ઓકટોમ્બર ૨૦૧૦ના રોજ મળેલ એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨ : મુજબ કચ્છ સંસ્કૃતિ,ભાષા,કલાના પ્રચાર પ્રસાર તથા તે અન્વયે શિક્ષણ આપવાના હેતુથી કચ્છીચેરની સ્થાપના કરવા મળેલ મંજૂરી અન્વયે કચ્છીચેરની રચના અને તેની કાર્ય પધ્ધતિ વિશેના ઓર્ડિનેન્સને અંતિમ રૂપ આપવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત.)

**૪. કચ્છ જિલ્લાને ફાળવવામા આવેલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, રાપર ખાતે શરૂ થનાર અભ્યાસક્રમો અન્વયે જોડાણ સંબંધિત હાથ ધરાયેલ કાર્યવાહી બાબત :**

(નોંધ : ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયના ઠરાવ ક્રમાંક : જીસીઓ–૧૫૧૦/૪૭૨૭/ ખ તા. ૨૪/૫/૧૧ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી રાપર–કચ્છ ખાતે સરકારી વિનયન અને વાણિજય કોલેજ ફાળવવામાં આવતા, બી.એ.અને બી.કોમ. અભ્યાસક્રમો શરૂ કરવા માટે જોડાણ કાર્યવાહી અંર્તગત રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવાની રહેતી હોય છે તે સંબંધે અત્રેથી સ્થાનિક તપાસ સમિતિની રચના કરવામા આવેલ હતી. આ સમિતિના અહેવાલ અન્વયે શરૂ કરવામા આવનાર અભ્યાસક્રમો માટે રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા હાથ ધરાયેલ ભલામણ કાર્યવાહી હાથ ધરવામા આવેલ હતી જેની જાણ તથા બહાલી અર્થે.)

**૫. હાઈ પાવર કમિટીની કાર્યવાહીને બહાલ રાખવા બાબત :**

(નોંધ : ગત તારીખ ૧૩મી જુલાઈ ૨૦૧૧ના રોજની એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની ખાસ સભાના ઠરાવ ક્રમાંક : ૧ : દ્વારા, તારીખ ૨૩મી જુલાઈ ૨૦૧૧નાં દ્વિતિય પદવીદાન સમારોહના સફળ આયોજન માટે હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવેલ હતી. હાઈ પાવર કમિટિને આ સમારોહની સંપૂર્ણ કામગીરીની દેખરેખ તથા તેનાં આર્થિક વ્યવહારોને મંજૂરી આપવાની સત્તા સોંપવામાં આવેલ હતી. આ કમિટીની બે સભાઓ મળી હતી જેમાં હાથ ધરવાયેલ કાર્યવાહીને બહાલી અર્થે )

**૬. પી.એલ.એ.એકાઉન્ટ ખોલાવવા સંબંધે પૂર્તતા કરવા બાબત :**

(નોંધ : યુનિવર્સિટી ખાતે સીધી ભરતીથી ગ્રાન્ટ ઈન કોલેજમા ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ નિમણૂંક મેળવતા હોય છે માટે ત્યાં તેઓના જનરલ પ્રોવિડન્ડ ફંડ –જી.પી.એફ.ના હિસાબો જો તે સંસ્થા મારફત શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા નિભાવવામા આવતા હોય છે

તેવા અધિકારીઓ / કર્મચારીઓની જમા થયેલ રકમ, નિમણૂક પછીના વર્ષો અન્વયે હિસાબ અને વહીવટ માટે યુનિવર્સિટી ખાતે તબદીલ કરવાપાત્ર બનતી હોય છે.

યુનિવર્સિટી સ્વાયત સંસ્થા હોવાને કારણે સદર કાર્યવાહી અર્થે પર્સનલ લેજર એકાઉન્ટ –પી.એલ.એ. એકાઉન્ટ ખોલાવાની જરૂરિયાત રહે છે અને તે માટે અત્રેથી શિક્ષણ વિભાગને દરખાસ્ત રજૂ કરવામા આવેલ હતી તે સંદર્ભે તેઓશ્રીની કચેરીના પત્ર ક્રમાંક કછય/ ૨૬૧૦/ ૩૩૮૪/ ખ. તા. ૧૩/ ૭/૧૧ દ્વારા આ પી.એલ.એ. એકાઉન્ટ કોના નામે ખોલવામા આવનાર છે તેવી વિગતો મંગાવેલ હોય, સદર બાબતે આ એકાઉન્ટમાં નાણા જમા કરાવવા, ઉપાડવા તથા તે સંબંધિત અન્ય તમામ વ્યવહારો કરવા માટેના અધિકારો કોને સોંપવા તે અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત )

**૭. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

ઇ / કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ००१. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvku.digitaluniversity.ac.

## <u>પ્રથમ પદવીદાન સમારંભની મિનિટ્સ-નોંધ.</u>

આજ રોજ તારીખ ૨૩મી જુલાઈ' ૨૦૧૧ને શનિવારે સવારે ૧૨ : ૦૦ થી ૦૨ : ૦૦ કલાક દરમ્યાન ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી,ભુજના પ્રાંગણમાં યોજાયેલ દ્વિતિય પદવીદાન સમારંભમાં, મહામહિમ રાજ્યપાલશ્રી,ગુજરાત રાજય અને કુલાધિપતિ ડૉ.કમલાજી, ગુજરાત રાજયના શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા અને એક્ઝિક્યૂટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહીને વિવિધ વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરેલ જે બાબત :

**નોંધ** : આજ રોજ યુનિવર્સિટીનો દ્વિતિય પદવીદાન સમારંભ યોજાયો જેમાં આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો / ભવનો તથા બાહ્ય અભ્યાસક્રમો તરીકે ચાલતા વિવિધ વિદ્યાશાખાનાં અભ્યાસક્રમો અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવા માટે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

<u>ઠરાવ : ૧ :</u> આથી ઠરાવાવમાં આવે છે કે ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજની વિવિધ વિદ્યાશાખાઓનાં અભ્યાસક્રમોમાં ઉત્તિર્ણ જાહેર થયેલ વિદ્યાર્થીઓને પદવી મેળવવા માટે આથી લાયકાત ધરાવતા જાહેર કરવામા આવ્યા છે અને જે તે પદવી પૈકી જે વિદ્યાર્થીઓ આજ રોજ ઉપસ્થિત છે તેઓને તથા જેઓએ ગેરહાજરીમા પણ પદવી મેળવવા

ઈચ્છા દર્શાવેલ છે તેવા વિનયન વિદ્યાશાખાનાં ૧૦૨૧, વિજ્ઞાન વિદ્યાશાખાનાં ૨૪૯, વાણિજય વિદ્યાશાખાનાં ૧૧૫૧, શિક્ષણ વિદ્યાશાખાનાં ૩૯૫, કાયદા વિદ્યાશાખાનાં ૧૭૮, ઈજનેરી વિદ્યાશાખાનાં ૧૨૪ અને ફાર્મસી વિદ્યાશાખાનાં ૬૪ આમ કુલ ૩૧૮૨ વિદ્યાર્થીઓને પદવી મેળવવા લાયકાત ધરવાતા હોય તેઓને આ પદવી એનાયત કરવાનું તથા જુદી જુદી વિદ્યાશાખા અન્વયેના અભ્યાસક્રમોમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવનાર ઓગણીસ (૧૯) વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક આપવામા આવ્યા જેને ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓની સહમતિથી અનુમોદન આપવામાં આવે છે.

**ઉપસ્થિત સભ્યશ્રીઓની યાદી :**

ડૉ.શ્રી એસ.જી. યાદવ. —અધ્યક્ષશ્રી
માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી
ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી
ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. —સભ્યશ્રી
સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ.

ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી
પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી
પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી
માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ.

શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી
માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ.

ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —મેમ્બર સેક્રેટરી
(આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.)

B.S. Patel
કુલસચિવ
ઇ / કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.